**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૧ એપ્રિલ ૨૦૦૯**

## રામ નાઈક ના સ્વાગત માટે કમળ અને ગોવિંદા

**મુંબઈ,શનિવાર** : ભાજપ નેતા અને ઉત્તર મુંબઈ લોકસભા સંઘનાં યુતીના ઉમેદવાર શ્રી રામ નાઈકનું મલાડ પશ્ચિમ ખાતે ગોવિંદા પથકે સલામી આપતાં અને નાગરિકોએ કમળ પુષ્પ આપી જોરદાર સ્વાગત કર્યું હતું. પ્રચાર ફેરી કે પછી વિજય સરઘસ તેવો પ્રશ્ન થાય તેવો ઉત્સાહ પ્રત્યેક સ્થળે નજરે પડતો હતો.

"**પરિવર્તન** રથ" પર શ્રી રામ નાઈક ,અને "રામ નાઈક રથ" પરથી ભાજપ-શિવસેના યુતીના સ્થાનિક નેતા અને કાર્યકર્તાઓ સંપૂર્ણ ઉત્તર મુંબઈ ફરી રહ્યાં છે. શ્રી રામ નાઈક ને વિજયની સાક્ષી આપવા માટે ઠેક - ઠેકાણે નાગરિકો સામે ચાલીને આવી મળી રહ્યાં છે. મલાડ પશ્ચિમ ખાતે ગઈ કાલે ઉંદેરાઈ માર્ગ, સોમવાર બઝાર, લિબર્ટી ગાર્ડન, નેવી કૉલની, નહાર નગર, રામ નગર, નડીયાદવાલા કૉલની જેવાં સ્થળોએ મોટા ઉત્સાહ સાથે શ્રી રામ નાઈક નું મોટા ઉત્સાહ સાથે શ્રી રામ નાઈકનું સ્વાગત થતું હતું. આ ઉત્સાહને બમણો વેગ તો ત્યારે આવ્યો યારે રામ નાઈક ચિંચોલી બંદર પહોંચ્યા ત્યારે શ્રી રામ નાઈક આવવાનાં છે તેની માહિતી મળ્યાં બાદ ગોવિંદા પથક ત્યાં સ્વાગત માટે હાજર હતાં. કૃષ્ણ જન્મ ન હોય છતાં યે સ્વાગત માટે ગોવિંદાની પાચ થરની હાંડી ઊભી કરી શ્રી રામ નાઈકને સલામી આપી હતી. તે જ વેળાં નાગરિકોએ વિજયની સાક્ષી આપતાં એક સારૂં મોટું કમળ પણ ભેંટ આપ્યું હતું. " જે લોકસેવા માં તે જ લોકસભામાં હોવા જોઈએ, માટે તમે જ અમારૂં લોકસભામાં પ્રતિનિધિત્વ કરશો," તેમ કહેવા આવેલાં સર્વેની સાથે કાર્યકર્તાઓના ઉત્સાહને ઉભરો આવ્યો હતો.

"**મેં પા**છલાં પાંચ વર્ષ શું કાર્યો કર્યાં તે દરવર્ષે કાર્યવૃત્ત આપી કહેલુ જ છે, આ કામોનાં આધારે મતો માગવા આવ્યો હતો.મોંઘવારી,મંદી,બેરોજગારી બાજૂએ મૂકી સ્વાગત કરતી વેળાં તમે જે ઉત્સાહ દાખવ્યો છે ,તેને કારણે તમે વિક્રમી મતદાન કરશો તેનો વિશ્વાસ દેખાય છે, " તેમ આ પ્રસંગે શ્રી રામ નાઈકે કહ્યું હતું.

**શિવસેના ઉપવિભાગપ્રમુખ શ્રી અશોક પટેલ,માજી નગરસેવકદ્વય શ્રી મધુકર રાઉળ અને સૌ. અનઘા મ્હાત્રે સ્થાનિક શિવસેના નેતા શ્રી કિરણ કિણી અને સૌ.ગીતા ચાફેકર તેમજ મુંબઈ ભાજપ નાં ઉપાધ્યક્ષ શ્રી જયપ્રકાશ ઠાકૂર અને અન્ય ભાજપ નેતા સર્વશ્રી ગંગારામ જમનાની, સુરેશ રાવળ, રાજેશ સિંહ,રમેશ દોશી,હિર્તેંદ્ર અટકર,મહેશ મણગાવકર,નરેંદ્ર રાઠોડ વગેરે સેંકડો કાર્યકર્તા - નાગરિકો ની સાથે પ્રચાર માં સામેલ થયાં હતાં.**

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો. ૯૮૬૭૬૮૯૫૪૦**